www.kamalamgujarat.com

Wednesday
28.07.2021
✳Volume :5 ✳ Issue No. 347
Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...


# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳ Managing Editor: Arjun Sondarva ✳ Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :06✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

# કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ હિંસાથી પીડિત મહિલાઓ માટે ૨૪/૭ હેલ્પલાઇનનો પ્રારંભ કર્યો







## આ ડિજિટલ હેલ્પલાઇન મહિલાઓને સંદેશો આપે છે કે, તેમને જ્યારે પણ જરૂર હોય ત્યારે, તેમની સરકાર અને તેમનું પંચ તેમની સાથે ઉભું રહેશેઃ શ્રીમતી ઈરાની

કમલમદૈનિક,

સમગ્ર દેશમાં મહિલાઓની સલામતી અને સુરક્ષામાં વધુ સુધારો લાવવા અને મહિલાઓના એકંદરે ઉત્કર્ષની દિશામાં કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા પ્રયાસોને અનુરૂપ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ આજે રાષ્ટ્રીય મહિલા પંચની ૨૪/૭ ધોરણેકાર્યરત હેલ્પલાઇનનોપ્રારંભ કર્યો છે જેનો નંબર ૭૮૨૭૧૭૦૧૭૦છે. આ સેવા શરૂ કરવાનો મૂળ ઉદ્દેશ હિંસાથી પીડિત મહિલાઓને પોલીસ, હોસ્પિટલ, જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, મનોચિકિત્સા સેવાઓ વગેરે જેવા યોગ્ય ઓથોરિટી પાસે મોકલીને તેમને ૨૪/૭ ધોરણે ઑનલાઇન સહકાર પૂરોપાડવાનો છે. વર્ચ્યુઅલ માધ્યમથી આ હેલ્પલાઇનનું ઉદ્‌ઘાટન કરતા, કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ઈરાનીએ આ પહેલ હાથ ધરવા બદલ રાષ્ટ્રીય મહિલા પંચને અભિનંદન પાઠવ્યા હતા અને નવી હેલ્પલાઇનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ ડિજિટલ હેલ્પલાઇન મહિલાઓને એવો સંદેશો આપેછે કે, જ્યારે પણ તેમને જરૂર પડે ત્યારે તેમની સરકાર અને તેમનું પંચ તેમની સાથે જ ઉભું રહેશે. ખાસ કરીને મહામારીના સમયમાં મહિલાઓને મદદ કરવા માટે આવા "આત્મસહજ'' પ્રયાસો હાથ ધરવા બદલ તેમણે રાષ્ટ્રીય મહિલા પંચની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, મુશ્કેલીમાં રહેલી મહિલાઓને મદદરૂપ થવા માટે વિના અવરોધે હસ્તક્ષેપની દિશામાં NCW અને WCDની ભાગીદારી ઘણા લાંબાગાળાના લાભો આપશે. આ પ્રસંગે વાત કરતા, રાષ્ટ્રીય મહિલા પંચના ચેરપર્સન સુશ્રી રેખા શર્માએ જણાવ્યું હતું કે, આ હેલ્પલાઇન પંચના વર્તમાન ફરિયાદના વ્યવસ્થાતંત્રને વધુ મજબૂત બનાવે છે અને આ હેલ્પલાઇન મહિલાઓને જરૂરિયાતના સમયમાં સહકાર મેળવવા માટે તેમજ સમયસર પરામર્શ મેળવવા માટે સમર્થ બનાવશે. તેમણે કહ્યું હતું કે, "અમે હંમેશા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીથી પ્રેરિત રહીએ છીએ. તેઓ મહિલાઓના ઉત્કર્ષ માટે અથાક પ્રયાસો કરી રહ્યાં છે. તેમના સમર્થ નેતૃત્વમાં અમે મહિલા સશક્તિકરણથી લઈને મહિલાઓના નેતૃત્વમાં સશક્તિકરણ સુધીના તમામ પ્રયાસોમાં, સંખ્યાબંધ પરિવર્તનો જોયા છે જે અમને વધુ બહેતર કરવા માટે પ્રેરણા આપે છે.'' આ હેલ્પલાઇનનો મૂળ ઉદ્દેશ હિંસાથી પીડિત મહિલાઓને પોલીસ, હોસ્પિટલો, જિલ્લા કાનુની સત્તામંડળો, મનોચિકિત્સા સેવાઓ વગેરે યોગ્ય ઓથોરિટી પાસે મોકલીને તેમને ૨૪ કલાકના ધોરણે ફરિયાદ અને સલાહસૂચન સેવાઓ પૂરી પાડવાનો અને એક જ નંબર દ્વારા સમગ્ર દેશમાં મહિલાઓ માટે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા વિવિધ કાર્યક્રમો વિશેની માહિતી તેમને પૂરી પાડવાનો છે. આ હેલ્પલાઇન તાલીમબદ્ધ નિષ્ણાતોની ટીમ સાથે કામ કરશે. ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરની કોઈપણ છોકરી થવા મહિલા આ હેલ્પલાઇન પર કૉલ કરીને મદદ માંગી શકે છે. આ હેલ્પલાઇનનું સંચાલન નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રીય મહિલા પંચના પરિસરમાંથી જ કરવામાં આવશે. રાષ્ટ્રીય મહિલા પંચ તેમના કાનુની આદેશ અંતર્ગત સમગ્ર દેશમાં મહિલાઓના અધિકારોના ઉલ્લંઘન/વંચિત રાખવાના સંબંધમાં વિવિધ શ્રેણીઓમાં પ્રાપ્ત થતી ફરિયાદોને ધ્યાનમાં લે છે. આ ફરિયાદો લેખિત અથવા તેમની વેબસાઈટ **www.ncw.nic.in** ના માધ્યમથી ઑનલાઇન લેવામાં આવે છે. પંચ આવી ફરિયાદોની પ્રક્રિયા કરે છે અને મહિલાઓને પૂરતા પ્રમાણમાં અને ઝડપથી રાહત પૂરી પાડવાની વ્યવસ્થા કરે છે જેથી તેમની ફરિયાદનું યથાયોગ્ય નિરાકરણ લાવી શકાય. ફરિયાદના પ્લેટફોર્મને વધુ મજબૂત બનાવવા અને તેનું વિસ્તરણ કરવા માટે, પંચે આ ડિજિટલ હેલ્પલાઇન શરૂ કરવાની પહેલ હાથ ધરી છે. આ હેલ્પલાઇન સેવા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના ડિજિટલ ઈન્ડિયા કોર્પોરેશન સાથે સહયોગ દ્વારા વિકસાવવામાં આવી છે. રાષ્ટ્રીય મહિલા પંચ મહિલાઓની સલામતીને સર્વોપરી પ્રાથમિકતા આપે છે. વ્યથિત મહિલાઓ માટેની પહેલોને અનુરૂપ, પંચે હિંસાથી પીડિત મહિલાઓને એક જ છત્ર હેઠળ પોલીસ, મનોચિકિત્સક-સામાજિક માર્ગદર્શન જેવી સંખ્યાબંધ સેવાઓની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે અને મહિલાઓને અન્ય સેવાઓ માટે વન સ્ટોપ કેન્દ્રોનો ઍક્સેસ પૂરો પાડવા માટે આ હેલ્પલાઇનની શરૂઆત કરી છે. આ હેલ્પલાઇન મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા સંબંધિત પ્રશ્નોમાં મદદ પૂરી પાડવા માટે ચોવીસ કલાકના ધોરણે કાર્યરત રહેશે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ વર્ચ્યુઅલ માધ્યમથી ૨૪/૭ ધોરણે કાર્યરત આ હેલ્પલાઇનની સેવાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ સચિવ શ્રી ઈન્દેવર પાંડે અને રાષ્ટ્રીય મહિલા પંચના ચેરપર્સન સુશ્રી રેખા શર્મા તેમજ પંચના સભ્યો અને ડિજિટલ ઈન્ડિયા કોર્પોરેશનના વરિષ્ઠ નિદેશક (સંશોધન) શ્રી વિનય ઠાકુર ઉપસ્થિત રહ્યા હતા.



## વલસાડ જિલ્લામાં રવિવારે યોજાયેલા સ્પેશિયલ રસીકરણ કેમ્પેમાં વેપારીઓ-સેવાકીય સંસ્થાઓના ૧૦૫૬૭ વ્યક્તિઓનું રસીકરણ કરાયું



કમલમદૈનિક, વલસાડ

સમગ્ર દેશ અને રાજ્યંમાં ચાલી રહેલી કોરોના મહામારીના નિયંત્રણ માટે કોવીડ-૧૯ રસીકરણ અભિયાન અંતર્ગત તમામ દુકાનો, વાણિજિયક સંસ્થાતઓ, લારી ગલ્લાઓ, શોપિંગ કોમ્લૌરો ક્ષ, માર્કેટિંગ યાર્ડ, હેર કટિંગ સલૂન, બ્યુ૪ટીપાર્લર, રેસ્ટોપરન્ટં, અઠવાડીક ગુજરી/ બજાર/ હાટ તેમજ અન્યી વ્યારપારિક ગતિવિધીઓ સાથે સંકળાયેલા વ્યમક્તિેઓનો પ્રથમ ડોઝ સુનિશ્ચિરત થઈ શકે તે હેતુસર તા. ૨૫ જુલાઈને રવિવારે વલસાડ જિલ્લામાં વિવિધ ૬૫ સ્થરળોએ સ્પોશિયલ રસીકરણ કેમ્પય યોજી ૧૦૫૬૭ વ્ય ક્તિ ઓનું રસીકરણ કરાયું હતું. જેમાં વલસાડ તાલુકાના ૪૧૫૩, પારડી તાલુકાના ૯૪૫, વાપી તાલુકાના ૨૪૭૨, ઉમરગામ તાલુકાના ૧૬૪૪, ધરમપુર તાલુકાના ૮૪૪ અને કપરાડા તાલુકામાં ૫૦૯ વ્? યક્તિ ઓનો સમાવેશ થતો હોવાનું જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

## નાગરિકોને સુખ-શાંતિ સલામતિનો અહેસાસ કરાવતો મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનો મહત્વનો નિર્ણય

### સુરત શહેરના ૮ પોલીસ સ્ટેશન હેઠળના વિવિધ વિસ્તારોમાં પ્રવર્તમાન અમલી અશાંત ધારાની મુદત વધુ પાંચ વર્ષ લંબાવવામાં આવી

કમલમદૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ નાગરિકોને શાંતિ, સલામતિ અને સુરક્ષા પૂરી પાડવાની નૈતિક ફરજ સાથે લોકોની કોઈ ખોટી કનડગત કે હેરાનગતિ, ધાક-ધમકીથી મિલકતો કોઈ તત્વો પચાવી ન પાડે તેવી ચિંતા સાથે સુરત મહાનગરના ૮ પોલીસ મથક હેઠળ વિવિધ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવાનો નિર્ણય અગાઉ કરેલો છે. તદઅનુસાર, સુરત શહેરના અઠવા, સલાબતપૂરા, ચોક બજાર, મહિધરપૂરા, સૈયદપૂરા અને લાલગેટ પોલીસ સ્ટેશનના કેટલાંક વિસ્તારોમાં તા.૧૭ ઓકટોબર-૨૦૧૭થી અને લીંબાયત તથા રાંદેર પોલીસ મથકના કેટલાક વિસ્તારોમાં તા.૧૪ માર્ચ-૨૦૨૦થી અશાંત ધારાની જોગવાઈઓ રાજ્ય સરકારે અમલી બનાવી છે. હવે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ ૮ પોલીસ મથક હેઠળના જે વિસ્તારોમાં હાલ અશાંત ધારો પ્રવર્તમાન છે તેની મુદત તા. ૩૦-૭-૨૦૨૧ અને તા.૩૧-૭-૨૦૨૧ થી વધુ પાંચ વર્ષ માટે લંબાવવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ સુરત શહેરના ધારાસભ્યો સર્વ શ્રી અરવિંદ રાણા, સંગીતાબહેન પાટીલ, પૂર્ણેશભાઈ મોદી, સુરત મહાનગરના સંબંધિત વિસ્તારના મ્યુનિસિપલ કોર્પોરેટરશ્રીઓ તથા વિવિધ સંસ્થાઓ, સામાજીક આગેવાનોએ કરેલી રજૂઆતનો સાનૂકુલ પ્રતિસાદ આપતાં શ્રી વિજયભાઈ રૂપાણીએ અશાંત ધારાની હાલ પ્રવર્તમાન અવધિ તા.૩૦ અને ૩૧ જુલાઈએ પૂર્ણ થાય છે તેને વધુ પાંચ વર્ષ લંબાવવાની સૂચનાઓ આપી છે. આ સંદર્ભનું જાહેરનામું પણ રાજ્ય સરકાર દ્વારા પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્ય સરકારના આ નિર્ણયના કારણે આ વિસ્તારોમાં અસામાજિક તત્વો દ્વારા ધાકધમકીથી મિલકતો પડાવી લેવાની પ્રવૃત્તિઓ પર અંકુશ આવશે તથા આવા તત્વોથી પીડિત નાગરિકોને સુખ, શાંતિ અને સલામતીનો અહેસાસ થશે. એટલું જ નહિ, આ વિસ્તારોમાં હવેથી મિલકતની વેચાણ કરતા અગાઉ સુરત કલેકટરશ્રીની કાયદાની જોગવાઈઓ અનુસાર પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

# અમદાવાદના અસારવા વિસ્તારને મળી નવી પોલીસ ચોકી











## વર્ષોથી પુરાતત્વ વિભાગની જમીનમાં કાર્યરત અસારવા પોલીસ ચોકીને મળ્યું નવું સરનામુ

કમલમદૈનિક,

અમદાવાદ શહેરના અસારવા વિસ્તારમાં નવનિર્મિત પોલીસ ચોકીનો આજે ગૃહરાજ્યમંત્રી શ્રીપ્રદિપસિંહ જાડેજાએ શુભારંભ કરાવ્યો હતો. અસારવા વિસ્તારની મધ્યે કાર્યરત થયેલ નવીન પોલીસ ચોકી અસારવા વિસ્તારના નગરજનોની જનસુખાકારીમાં વધારો કરશે તેવો ભાવ પોલીસ ચોકીના લોકાર્પણ વેળાએ ગૃહરાજ્યમંત્રી શ્રી એ પ્રગટ કર્યો હતો. પ્રજા અને પોલીસ અધિકારીઓને કાયદો અને વ્યવસ્થાના જતન સુચારૂ સંચાલન માટે નવનિર્મિત પોલીસ ચોકી કારગર નિવડશે. આ પોલીસ ચોકી દ્વારા સ્થાનિક પ્રજાજનોની જરૂરિયાતો ત્વરીત સંતોષાશે. રાજ્યના પોલીસ આવાસોનું પણ હાલ નવીનીકરણની કામગીરી ચાલી રહી હોવાનું જણાવી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલ(PPP)થી રાજ્યમાં પોલીસ સેવાની માળખાકીય સુવિધાઓમાં અનેકવિધ અને ઝડપી ફેરફારો થઈ રહ્યાં હોવાનું ગૃહરાજ્યમંત્રી શ્રી એ કહ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ જુની અસારવા પોલીસ ચોકી ૧૯૭૨ માં દાદા હરિની વાવની બાજુમાં પુરાતત્વ વિભાગની જમીનમાં બનાવવામાં આવેલી હતી. જે ઘણી જૂની અને જર્જરીત હતી તેમ જ છેવાડાની જગ્યાએ આવેલી હોઈ લોકોને આવવા-જવામાં તકલીફ પડતી હતી. વળી, અસારવા તળાવની આસપાસનો વિસ્તાર ગીચતાવાળો હોઈ અને આ વિસ્તારમાં બનતા ગુનાઓને રોકીશકાય અને પ્રજા મુક્ત રીતે હરીફરી શકે તે માટે અસારવા વિસ્તારની મધ્યે પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવી. આ અસારવા પોલીસ ચોકી લગભગ ૯૦ હજાર જેટલી વસ્તીને આવરી લે છે. આ પોલીસ ચોકી હેઠળ ૯ શાળાઓ, ૯ સોસાયટી તથા મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ બનાવેલા માધવ એપાર્ટમેન્ટમાં ૩૪૦ મકાનો તેમ જ અભિષેક એસ્ટેટ વિભાગ – ૨ નો સમાવેશ થાય છે. વળી, આ વિસ્તારમાં અસારવા ચકલા ખાતેનું પ્રભુનગર શાક માર્કેટ અને નાની મોટી આશરે આઠેક ચાલીઓનો સમાવેશ થાય છે.

